# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 1-10-2024 Evening : 7.50 to 8.00
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*******************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જમૈકાના પ્રધાનમંત્રી એન્ડ્રયૂ હોલનેસ વચ્ચે વેપાર, રોકાણ, પુન: પ્રાપ્ય ઊર્જા સહિતના વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધારવા અંગે ચર્ચા થઈ
 જમ્મૂ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં સરેરાશ 65.65 ટકા મતદાન નોંધાયું
- દેશમાં ઉત્પાદન ક્ષેત્રે સર્જાતા રોજગારમાં પાછલા વર્ષની સરખામણીએ વર્ષ 2022 – 23માં 7.4 ટકાની મજબૂતી
- ગંભીર માંદગીમાં સપડાયેલા દર્દીઓને શરતો આધિન સ્થિતિમાં લાઇફ સપોર્ટ સિસ્ટમ પરથી હટાવી શકાશે, કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં જાહેર કરશે નવી માર્ગદર્શિકા
- ઇઝરાયેલે દક્ષિણ લેબનોનમાં જમીની હુમલા કરતા મધ્યપૂર્વમાં તણાવ વધ્યો, આજે 95થી વધુના મોત
- અને બાંગ્લાદેશ સામેની ટેસ્ટ શ્રેણીમાં ભારતનો 2-શૂન્ય થી વિજય

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM MODI JAMAICA PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જમૈકાના પ્રધાનમંત્રી એન્ડ્રયૂ હોલનેસ વચ્ચે નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે દ્વીપક્ષીય બેઠક મળી હતી. આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે સંબંધોને વધુ મજબૂત બનાવવા વેપાર, રોકાણ, પુન: પ્રાપ્ય ઊર્જા,

ડિજિટલ પરિવર્તન, વિકાસ, ભાગીદારી, શિક્ષણ, કૈશલ્ય વિકાસ અને લોકસંપર્કમાં સહકાર વધારવા અંગે ચર્ચા થઈ.

બેઠક બાદ પત્રકારોને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત અને જમૈકાના સંબંધો મજબૂત ઇતિહાસ, લોકશાહી મૂલ્યો અને લોકસંપર્ક પર ટકેલા છે. વધુમાં તેમણે ઉમેર્યું કે બંને દેશોને ચાર સી – કલ્ચર, ક્રિકેટ, કોમનવેલ્થ અને કેરિકોમ એટલે કે કેરેબિયન સમુદાય જોડે છે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ જમૈકા ઉચ્ચ આયોગ સામેના માર્ગનું નામ જમૈકા માર્ગ કરવાની જાહેરાત કરી હતી.

જમૈકાના પ્રધાનમંત્રીના એન્ડ્ર્યૂ હોલનેસે કોવિડના મુશ્કેલ સમયને યાદ કરતા ભારતને સાચો મિત્ર અને ભાગીદાર ગણાવ્યો. તેમણે જાહેર કર્યું કે જમૈકા પણ ભારત સરકાર તરફથી સંચાલિત વૈશ્વિક જૈવ ઇંધણ ગઠબંધનમાં જોડાશે. શ્રી હોલનેસે જણાવ્યું કે અંદાજે બે સદીઓથી ભારતીયો  જમૈકા પર પોતાની છાપ છોડી રહ્યા છે, અને એ દ્વારા તેમણે આરોગ્ય, શિક્ષણ, માહિતી અને ટેક્નોલોજી તેમજ વેપાર સહિતના વિવિધ ક્ષેત્રોમાં જમૈકાના વિકાસમાં યોગદાન આપ્યું છે.

## JAMMU KASHMIR THIRD PHASE

જમ્મૂ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટેનું મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું છે. છેલ્લા અહેવાલ અનુસાર કુલ 65.65 ટકા મતદાન નોંધાયું છે. જેમાં સૌથી વધુ મતદાન સાંબા જીલ્લામાં 73.45 ટકા, ઉધમપુરમાં 72.91 ટકા, જમ્મુમાં 66.79 ટકા, કઠુવામાં 70.53 ટકા, બાંદીપુરમાં 64.85 ટકા, કુપવારામાં 62.76 ટકા જયારે સૌથી ઓછું મતદાન બારામુલ્લામાં 55.73 ટકા નોંધાયું હતું.

આકાશવાણી જમ્મૂના અમારા સંવાદદાતા જણાવે છે કે ત્રીજા તબક્કામાં 40 બેઠકોના 5 હજાર 60 મતદાન કેન્દ્રો ભારે સુરક્ષા બંદોબસ્ત વચ્ચે મતદાન થયું હતું.  જમ્મૂમાં જે જિલ્લાઓમાં મતદાન થયું તેમાં જમ્મૂ, કઠુઆ, સાંબા, ઉધમપુર સામેલ છે, જ્યારે કાશ્મીરમાં કુપવાડા, બારામુલ્લા, બાંદીપોરા અને કાશ્મીર ખીણ

વિસ્તારમાં મતદાન થયું હતું. કુલ 415 ઉમેદવારોના ભાવી ઇવીએમમાં સીલ થયા. 8 ઑક્ટોબરના રોજ મતગણતરી હાથ ધરાશે.

## HARYANA-ELECTION

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હરિયાણાના પલવાલમાં ચૂંટણી સંભાને સંબોધન કરતા, કૉંગ્રેસ સામે પરિવારવાદ આધારિત રાજકારણ કરવાનો આક્ષેપ મૂક્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું કે કૉંગ્રેસ લોકોને ખોટા વાયદા કરી રહી છે, પરંતુ પ્રજા માટે કામ નથી કર્યું.

તો સોનિપતના ગોહનામાં ચૂંટણીસભાને સંબોધતા કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આરોપ મૂક્યો કે કેન્દ્ર સરકારે હરિયાણાને બેરજોગારીનું કેન્દ્ર બનાવી દીધું છે.

## EMPLOYMENT IN PRODUCTION SECTOR

દેશમાં ઉત્પાદન ક્ષેત્રે સર્જાતા રોજગારમાં પાછળા વર્ષની સરખામણીએ નાણાકીય વર્ષ 2022 – 23માં 7.4 ટકાની મજબૂતી આવી છે. આંકડા અને  કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના અહેવાલ અનુસાર વર્ષ 2022-23માં ઉત્પાદન ક્ષેત્રે રોજગાર વધીને 1.84 કરોડ થયા છે. જે અગાઉના વર્ષે એટલે કે 2021-22માં 1.72 કરોડ જેટલા હતા, છેલ્લા એક દાયકામાં થયેલો આ સૌથી મોટો ઉછાળો છે.

ઉત્પાદન ક્ષેત્રે સૌથી વધુ રોજગારની તકો પેદા કરતા રાજ્યોમાં તમિલનાડુ, મહારાષ્ટ્ર, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને કર્ણાટક ટોચ પર રહ્યા. આ રાજ્યોએ મળીને વર્ષ 2022-23માં કુલ રોજગાર સર્જનમાં 55 ટકા યોગદાન આપ્યું. જેમાં ધાતુ, પેટ્રોલિયમ ઉત્પાદનો, ખાદ્ય ઉત્પાદનો, રાસાયણિક ઉત્પાદનો અને મોટર વાહનો જેવા ઉદ્યોગો સામેલ હતા.

## NEW GUIDELINE OF LIFE SUPPORT SYSTEM

ગંભીર માંદગીમાં સપડાયેલા દર્દીઓ માટે કેન્દ્ર સરકાર એક નવી માર્ગદર્શિકા લાવવા જઈ રહી છે. જે બિમારીની સારવાર શક્ય ન હોય તેવા પીડિત

દર્દીઓને માત્ર ચાર શરતોને આધારે લાઇફ સપોર્ટ સિસ્ટમ પરથી હટાવી શકાશે. નવા નિયમો અનુસાર જે દર્દીની સારવાર શક્ય ન હોય તેને લાઇફ સપોર્ટ સિસ્ટમ પર રાખવા અપ્રમાણિકતા છે, અને તેમના પરિવારજનો પણ જો આ વાત પર સહમત થાય તો હૉસ્પિટલના મેડકલ બોર્ડની મંજૂરીથી લાઇફ સપોર્ટ સિસ્ટમ હટાવી શકાશે. આરોગ્ય મંત્રાલયે આ મામલે 20 ઑક્ટોબર સુધી સૂચનો મંગાવ્યા છે.

## DEFENCE RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે એક નિવેદનમાં જણાવ્યું છે કે દેશ સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યો છે, અને હવે વિશ્વમાં સંરક્ષણ નિકાસકાર દેશોમાં તેની ગણતરી થઈ રહી છે. નવી દિલ્હીમાં સંરક્ષણ મંત્રાલયના 277માં વાર્ષિક સમારોહમાં સંબોધન કરતા શ્રી સિંહે મંત્રાલય દ્વારા કામમાં અધ્યતન ટેક્નૉલોજી અપનાવવા બદલ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે આ સમગ્ર પ્રક્રિયાનો હેતુ સંરક્ષણ મંત્રાલયને આર્થિક રીતે પગભર અને પારદર્શી બનાવવાનો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફૉલો કરી શકો છો.

## VAYU VEER CAR RALLY

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે આજે નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતેથી 7 હજાર કિલોમીટર લાંબી વાયુ વીર વિજેતા કાર રેલીને વિદાય આપી હતી. આ રેલી લદ્દાખના થોઈસે પહોંચશે, જ્યાં ઔપચારિક રીતે તેનો પ્રારંભ કરાવાશે, જે 8 ઑક્ટોબરના રોજ ભારતીય વાયુસેનાની 92મી વર્ષગાંઠ નિમિતે અરૂણાચલ પ્રદેશના તવાંગમાં પૂર્ણ થશે.

આ કાર્યક્રમને સંબોધતા સંરક્ષણમત્રીએ કહ્યું કે વાયુ વીર વિજેતા કાર રેલી યુવાનોને પ્રેરણા આપવાની સાથે વાયુસેના વિશે જાગૃતિ અને જ્ઞાન વધારશે. વધુમાં તેમણે ઉમેર્યું કે વાયુદળના અધિકારીઓ રસ્તામાં યુવાનો સાથે સંવાદ કરશે અને તેમને વાયુદળની પ્રેરક કહાણીઓ દ્વારા પ્રોત્સાહિત કરશે. શ્રી સિંહે યુવાનોને સશસ્ત્રદળોનો ભાગ બનીને તેમની પ્રતિભાનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા અને દેશની સેવા કરવા અપીલ કરી હતી.

## ISRAEAL OPEARATION NORTHEN

ઇઝરાયેલે દક્ષિણ લેબનોનમાં જમીની હુમલા કરતા મધ્યપૂર્વમાં તણાવ વધ્યો છે. ઇઝરાયેલના દળોએ ઉત્તરમાં જોખમની સ્થિતિ સામે સરહદ નજીક હિજબુલ્લાહના સ્થાનોને નિશાન બનાવી કાર્યવાહી કરી છે.

ઇઝરાયેલે આ કાર્યવાહીને ‘ઑપરેશન નોર્ધન એરોઝ’ નામ આપ્યું છે. જે અંતર્ગત કાળજીપૂર્વકની વ્યૂહરચના અનુસાર પગલાં લેવાઈ રહ્યા છે. ઇઝરાયેલી સેનાના જણાવ્યા અનુસાર સૈનિકો જમીની કાર્યવાહી માટે તાલીમ લઈ રહ્યા છે. આ માટે તેમને વાયુદળ અને અન્ય લશ્કરી મદદ પૂરી પાડવામાં આવી રહી છે, અને ચોક્કસ સ્થાનોને નિશાન બનાવીને હુમલા કરાઈ રહ્યા છે.

છેલ્લા કેટલાક દિવસથી ઇઝરાયેલે બેરુતના દક્ષિણી ઉપનગરો પર હવાઈ હુમલા શરૂ કર્યા છે, જેને કારણે સ્થાનિક લોકોને આ વિસ્તારો છોડવાના આદેશ અપાયા છે. લેબનોનના આરોગ્ય મંત્રાલયના અહેવાલ અનુસાર આજે થયેલા હુમલામાં ઓછામાં ઓછા 95 લોકોના મોત થયા છે.

દરમિયાન ઇઝરાયેલ અને હમાસે લેબનોનમાં હમાસના વડા ફતેહ શરીફ અબુ – અલ અમીનના મૃત્યુની પુષ્ટિ કરી છે. આ સિવાય પણ હિજબુલ્લાહ અને પેલેસ્ટાઇનના કેટલાક વિદ્રોહીઓ ઠાર મરાયા છે.

## TEST CRICKET

ભારતે બાંગ્લાદેશ સામેની ક્રિકેટ ટેસ્ટ શ્રેણી બે શૂન્યથી જીતી લીધી છે. કાનપુરમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચના અંતિમ દિવસે ભારતે બાંગલાદેશને આઠ વિકેટે હરાવ્યું હતું.

અગાઉ, બાંગલાદેશ 146 રનમાં ઓલ આઉટ થતાં ભારતને 95 રનનો લક્ષ્યાંક મળ્યો હતો. ભારત વતી આર અશ્વિન, રવિન્દ્ર જાડેજા અને જસપ્રીત બુમરાહે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી.

જવાબમાં ભારતે આક્રમક શરૂઆત કરી હતી, પણ ઝડપથી બે વિકેટ ગુમાવી હતી. યશસ્વી જયસ્વાલે 51 અને વિરાટ કોહલીએ 29 રન કર્યા હતા. ઋષભ પંતે સાત વિકેટ લીધી હતી.

આ વિજય સાથે ભારતે 2023-24ની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપમાં તેની સ્થિતિ વધુ મજબૂત બનાવી છે અને વધારાના 12 પોઇન્ટ સાથે 74.24 પોઇન્ટ હાંસલ કર્યા છે.

## BIHAR FLOOD

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે રાજ્યના પૂર અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઇ નિરીક્ષણ કર્યું હતું. જે બાદ તેમણે અધિકારીઓ સાથે બેઠક કરતા રાહત કાર્યો તેમજ અન્ય માળખાકીય સુવિધાઓ ઝડપી બનાવવા નિર્દેશ આપ્યા હતા.

રાજ્યના 16 જિલ્લાઓમાં અંદાજે 10 લાખ લોકોને પૂરને પગલે અસર થવા પામી છે. ચાર જિલ્લાઓ પશ્ચિંમ પંચારણ અને પૂર્વીય ચંપારણ, સીતામઢી તેમજ દરભંગા પૂરને પગલે સૌથી વધુ પ્રભાવિત થયા છે.